# ગિરિમથક સાપુતારા ખાતે ૩૦ ઓગસ્ટ સુધી "મેઘ મલ્હાર" પર્વનું આયોજન

## સાપુતારાનો મેઘ મલ્હાર ઉત્સવ પ્રવાસન મંત્રી મુળુ બેરા સહિત પ્રભારી મંત્રી કુંવરજી હળપતિ ૧ મહિનો ચાલનાર મહોત્સવનો પ્રારંભ કરાવશે

સાપુતારા, તા.૨૯

ગિરિમથક સાપુતારાના આંગણે 'મેઘ મલ્હાર પર્વ' ફરી આવ્યો છે. ચોમાસાની ભીની ભીની મૌસમમાં પ્રવાસીઓને અનેકવિધ કાર્યક્રમો માણવા મળશે. તારીખ ૩૦ જુલાઈથી ૩૦ ઓગસ્ટના એક મહિના સુધી આયોજિત 'મેઘ મલ્હાર પર્વ' નું આયોજન કરાયું છે. જેનું ઉદ્‌ઘાટન તારીખ ૩૦ જુલાઈએ થશે. પ્રવાસન મંત્રી મુળુ બેરા સહિત પ્રભારી મંત્રી કુંવરજી હળપતિ આ મહોત્સવનો પ્રારંભ કરાવશે.

ગુજરાતમાં હાલ સાપુતારાની સુંદરતા સોળે કલાએ ખીલી ઉઠી છે. ગુજરાતના કાશ્મીર કહેવાતા આ હિલ સ્ટેશન પર હાલ ભગવાને છુટ્ટા હાથે સુંદરતા વેરી છે. ચોમાસું આવતા જ સાપુતારા સ્વર્ગ જેવુ લાગલા લાગે છે. ત્યારે ગુજરાત સરકાર આ સ્વર્ગને માણવા માટે ખાસ ઉત્સવનું આયોજન કરે છે. ચોમાસામાં ઉજવાતા આ ઉત્સવની તારીખ આખરે જાહેર કરી દેવાઈ છે. ચોમાસામાં કુદરતી સૌંદર્યથી સોળે કળાએ ખીલેલા સાપુતારામાં ૩૦ જુલાઈથી મેઘ મલ્હાર ઉત્સવ શરૂ થશે. જે એક મહિના સુધી ચાલશે. પ્રવાસીઓ માટે આ ઉત્સવ ખાસ બની જતો હોય છે. રાજ્યના એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે ચોમાસાની ઋતુમાં પ્રતિ વર્ષ યોજાતા 'મેઘ મલ્હાર પર્વ' નો આ વર્ષે પણ તા. ૩૦ મી જુલાઈથી પ્રારંભ કરાશે. ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા આયોજિત 'મેઘ મલ્હાર પર્વ-૨૦૨૩''''નું ઉદ્‌ઘાટન રાજ્યના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, વન પર્યાવરણ, અને કલાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી મુળુ બેરાના હસ્તે કરાશે. સતત એક માસ સુધી ચાલનારા 'મેઘ મલ્હાર પર્વ-૨૦૨૩' દરમિયાન સહેલાણીઓને ઉદ્‌ઘાટન સમારોહના ભાગરૂપે ઉદ્‌ઘાટન પરેડ, સાંસ્કૃતિક કાર્યક્રમો, રેઈન રન મેરેથોન સહિત શનિ-રવિની રજાઓમાં રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો માણવાનો લ્હાવો મળશે.

ચોમાસામાં સોળે કળાએ ખીલી ઉઠતા ડાંગ અને તેમાં પણ ગુજરાતના સ્વર્ગ સાપુતારામાં શરૂ થનારા વર્ષા ઉત્સવમાં અનેકવિધ કાર્યક્રમો થકી પ્રવાસીઓને આકર્ષવામાં આવશે. ત્યારે સાપુતારાના મેઘ મલ્હાર ઉત્સવનો આંનદ માણવા પ્રવાસન વિભાગ દ્વારા નવસારીના ઐતિહાસિક દાંડી સત્યાગ્રહ સ્મારકથી આમંત્રણ આપ્યું છે. મહિના સુધી ચાલનારા આ ઉત્સવમાં જોડાઈ સાપુતારાના નૈસર્ગિક સૌંદર્યની મજા માણવા આવવા પ્રવાસીઓને આમંત્રણ પણ આપ્યુ છે.

# સેમિકોન ઈન્ડિયા ૨૦૨૩ : દ્વિતીય દિવસ - પ્રથમસત્ર



ગાંધીનગર, તા.૨૯

સેમિકન્ડકટર તેમજ ચિપ્સ ઉત્પાદન ક્ષેત્રે ભારતને ગ્લોબલ હબ બનાવવામાં ગુજરાત અગ્રેસર ભૂમિકા ભજવશે. ભારત માટે, ભારતમાં, મેઈક ઈન ઈન્ડિયાઅંતર્ગતસેમિ કન્ડકટર-ચિપ્સ ક્ષેત્રે ડિઝાઈન તેમજ ઉત્પાદન કરનાર કંપની-સંસ્થાઓને PLI હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા વિશેષ લાભ આપીને વધુને વધુ પ્રોત્સાહિત પણ કરવામાં આવશે, તેમ કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી તથા સ્કિલ ડેવલપમેન્ટ અને ઉદ્યમિતા રાજ્યમંત્રીશ્રી રાજીવ ચંદ્રશેખરે ગાંધીનગર ખાતે સેમિકોન ઈન્ડિયા૨૦૨૩ના દ્વિતીય દિવસે આયોજિત સત્રમાં જણાવ્યું હતું. કેન્દ્રીય મંત્રીશ્રી રાજીવ ચંદ્રશેખરે કહ્યું હતું કે, ભારતમાં સેમિ કન્ડકટર સેકટરને વધુને વધુ વેગ આપી રોજગારની સાથે ભારતને આત્મ નિર્ભર બનાવવા ભારતભરની ૩૦૦ જેટલી કોલેજો અને યુનિવર્સિટીઓમાં આ ક્ષેત્રે ડિપ્લોમા, અંડર ગ્રેજયુએટ, પોસ્ટગ્રેજ્યુએટ, પીએચડી અનેરી સર્ચ સુધીના વિવિધ કોર્ષ શરૂ કરવામાં આવનાર છે. ઉપરાંત આ ક્ષેત્રે કામ કરતી વિવિધ દેશ – વિદેશની કંપનીઓ અને રીસર્ચ સંસ્થાઓમાં પણ ઈન્ટર્ન –ટ્રેઈની તરીકે રસ ધરાવતા યુવાનો કામ કરી શકે તેવી PPP ધોરણે વ્યવસ્થા ઉભી કરાશે. ભારતની પ્રતિષ્ઠિત IIT તેમજ IISc જેવી શૈક્ષણિક સંસ્થાઓ પણ ભવિષ્યમાં આ ક્ષેત્રે જોડાશે તેવી પણ મંત્રીશ્રીએ આશા વ્યક્ત કરી હતી. મંત્રીશ્રીએ વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી મોદીજીએ પણ ગ?ઈકાલે આ જ સ્થળે સેમિકોન ઈન્ડિયા ૨૦૨૩ના ઉદઘાટન પ્રસંગે સેમીકન્ડકટર સેકટરમાં ભારતમાં રોકાણ કરવાનો 'યહી સમય હે, સહી સમય હૈ' તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો એટલેકે ભારતનું આગામી સમયમાં આ સેકટરમાં ભવિષ્ય ખૂબ ઉજ્જવળ છે, રોકાણનો આ શ્રેષ્ઠ સમય છે. આવનાર ૧૦ વર્ષમાં ભારત સેમીકન્ડકટર ક્ષેત્રે વિશ્વમાં મહત્વની ભૂમિકા ભજવે, તેમ જણાવી મંત્રીશ્રીએ આ દ્વિતીય સેમિકોનઈન્ડિયા૨૦૨૩ને સફળ બનાવવામાં સહભાગી થનાર તમામ કંપનીઓના વડાઓનો આભાર માન્યો હતો.

# અંબાજીની ગબ્બર રોપ-વે સેવા ચાર દિવસ બંધ રહેશે

## મેઈનટેઈનન્સની કામગીરીના કારણે ૨ થી ૫ ઓગસ્ટ સુધી ગબ્બર રોપ વે સેવા બંધ રાખવાનો નિર્ણય લેવાયો

અંબાજી, તા.૨૯

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે માં અંબાના દર્શન કરવા જતા શ્રદ્ધાળુઓ માટે મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. અંબાજીની ગબ્બર રોપ-વે સેવા ચાર દિવસ બંધ રહેશે. મેઈનટેઈનન્સની કામગીરીના કારણે સેવા બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. ૨ થી ૫ ઓગસ્ટ સુધી ગબ્બર રોપ વે સેવા બંધ રહેશે. દર્શનાર્થીઓની સુરક્ષા અને સલામતીના પગલે આ નિર્ણય લેવાયો છે. જેના કારણે માઈભક્તોને પગથિયા ચડીને ગબ્બર પર્વત પર જઈ શકશે. પરંતુ ૬ ઓગસ્ટથી રોપ વે સેવા રાબેતા મુજબ ચાલુ રહેશે. અંબાજી મંદિર ખાતે જગતજનની માં અંબાના દર્શનાર્થે દરરોજ હજારોની સંખ્યામાં માઈભક્તો આવતા હોય છે. ત્યારે ઉષા બ્રેકર્સ દ્વારા અંબાજીના ગબ્બર પર્વત પર ૪ દિવસ સુધી રોપ-વે સુવિધા બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રોપ-વેની મેઈન્ટેનેન્સની કામગીરીને લઈને ૨ ઓગસ્ટથી ૫ ઓગસ્ટ સુધી રોપ-વે બંધ રહેશે. આ સમય દરમિયાન યાત્રાળુઓ પગથિયા ચડીને માતાજીની અખંડ જ્યોતના દર્શન કરી શકશે. ૬ ઓગસ્ટથી રોપ-વે સુવિધા રાબેતા મુજબ શરૂ થશે. તમને જણાવી દઈએ કે, સુપ્રસિદ્ધ અંબાજી ગબ્બર પર્વત પર માતાજીની અખંડ જ્યોતના દર્શન કરવા જતા યાત્રાળુઓની સુવિધા માટે રોપ-વે ઉપલબ્ધ છે. પરંતુ સમયાંતરે ઉષા બ્રેકર્સ દ્વારા રોપ-વે સેવા માટે મેઈનટેઈનન્સ કરવામાં આવે છે. આ રોપ-વેની વર્ષભરમાં સમયસર દેખરેખ રાખવામાં આવતી હોય છે. ત્યારે હવે ઉષા બ્રેકર્સ દ્વારા ૪ દિવસ રોપ-વે સુવિધા બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## 'ફોકસકોન'ના ચેરમેન યંગ લિયુની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે સૌજન્ય મુલાકાત



ગાંધીનગર, તા.૨૯

ગુજરાતને આંગણે યોજાઈ રહેલી સેમીકોન ઈન્ડિયા ૨૦૨૩માં સહભાગી થવા આવેલા ફોકસકોનના ચેરમેન પ્રથમવાર ગુજરાત આવ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની આ મુલાકાત બેઠક દરમિયાન તેમણે ભારતમાં તેમની કંપનીના ઉત્પાદન પ્લાન્ટની સ્થાપના માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે તેમને ગુજરાતે જાહેર કરેલી 'સેમી કન્ડકટર પોલીસી ૨૦૨૨-૨૭' માં મળતા લાભો અને અન્ય પ્રોત્સાહનોની વિગતો બેઠક દરમિયાન આપી હતી. ગુજરાત દેશનું સેમિકન્ડક્ટર હબ બનવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં સજ્જ છે તેમણે જણાવ્યું હતું. ફોકસકોનના ચેરમેનએ ગુજરાત તેમના સંભવિત રોકાણોમાં અગ્રસ્થાને રહેશે તેમ આ તકે જણાવ્યું હતું. મુખ્ય સચિવ રાજકુમાર, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાશનાથન, અધિક મુખ્ય સચિવ વિજય નેહરા આ બેઠકમાં જોડાયા હતા.



મોહરમના તાજીયાનું ઝુલુસ જમાલપુર દરવાજાથી નિકળ્યું હતું.

# સપડા ડેમમાં ન્હાવા પડેલા પાંચ ડૂબ્યા

## બે મહિલા સહિત તમામના મોત નિપજ્યા : જામનગરથી પાંચ મિત્રો પાણીના પ્રવાહમાં તણાયા હતા અને ડૂબ્યા હતા

જામનગર, તા.૨૯

જામનગરથી એક ગમખ્વાર સમાચાર સામે આવી રહ્યા છે અહીં સપડા ડેમમાં એક જ પરિવારના ત્રણ લોકો સહિત ૫ લોકો ડૂબ્યા હોવાના સમાચાર સામે આવ્યા છે. જામનગરથી સપડા ડેમ ખાતે એક જ પરિવારના ત્રણ લોકો સહિત ૫ લોકો ન્હાવા ગયા હતા જેઓ અચાનકથી તેમા ડૂબી ગયા હતા. આ પાંચેય લોકોના આ ઘટનામાં મોત નીપજ્યા છે. જેમાં બે મહિલા અને ૩ પુરુષોના મૃતદેહ મળી ગયા છે. આ ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડ દ્વારા રેસ્ક્યું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, જામનગરમાં એક જ પરિવારના ૩ અને ૨ પાડોશી સહિત ૫ લોકો સપડા ડેમમાં ન્હાવા ગયા હતા. જેઓ પાણીના પ્રવાહમાં તણાયા હતા અને ડૂબી ગયા હતા. જે બાદ સ્થાનિક લોકોએ જોતા ફાયર બ્રિગેડને જાણ કરી હતી.

જે બાદ ફાયર બ્રિગેડની ટીમ સપડા ડેમ પહોંચી રેસ્ક્યું ઓપરેશન હાથ ધર્યું હતું. જે બાદ તમામ લોકો પૈકી ૨ મહિલા અને ૩ પુરુષોના મૃતદેહ ફાયર બ્રિગેડની ટીમ દ્વારા બહાર કાઢવામાં આવ્યા હતા.

સપડા ડેમમાં પાંચ લોકો ડૂબ્યાની ઘટના જામ થતા જ તંત્રની ટીમો ડેમ ખાતે પહોંચી ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમ દ્વારા હાલમાં એક જ પરિવારના પાંચ લોકોના મૃતદેહો બહાર નીકાળવામાં આવ્યા છે. આ પાંચ લોકો ડેમમાં ન્હાવા પડ્યા હોવાનું સામે આવ્યું છે. બીજી તરફ ઘટનાની જાણ થતા જ ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, જામનગર શહેરના કચ્છી, ભાનુશાળી પરિવારના તમામ લોકો છે. જેમાં પતિ-પત્ની, પુત્ર અને બે પાડોશીઓ સપડા ડેમ ખાતે ન્હાવા ગયા હતા. જેમાં સપડા ડેમમાં ડૂબી જતાં તમામ લોકોના મોત થયા છે.

આ અકસ્માતમાં જીવ ગુમાવનાર ૨ મહિલા અને ૩ પુરૂષોના મૃતદેહ બહાર કાઢીને પી.એમ. અર્થે ખસેડાયા છે.

### ૧૫ ઓગસ્ટને માત્ર ૧૭ દિવસ બાકી રહ્યા છે ત્યારે

# સુરતના વેપારીને ૫૦ લાખ તિરંગાનો ઓર્ડર

સુરત, તા.૨૯

સુરતના વેપારીને એક સાથે ૫૦ લાખ તિરંગાનો ઓર્ડર મળ્યો ઓર્ડર છે. માત્ર ૧૨ દિવસમાં ૪૦૦ જેટલા કારીગરો ૩૫ લાખ મીટર કાપડમાંથી ૫૦ લાખ તિરંગા બનાવી રહ્યા છે. દેશનો સૌથી મોટો ઓર્ડર માનવામાં આવી રહ્યો છે. ૧૦ ઓગસ્ટ પેહલા આ તિરંગા દેશના અલગ અલગ મોકલવા રાત દિવસ તૈયારી શરૂ કરી દેવાઈ છે. મહત્વની વાત એ પણ છે કે, કારીગરો હાથમાં તિરંગા લઈ ભારત માતાની જયના નારા સાથે તિરંગા બનાવવાની શરૂઆત કરતા હોય છે. જેથી સ્વતંત્ર દિવસ પહેલા જ કારીગરો સ્વતંત્ર દિવસની ઉજવણી કરતા હોય તે રીતના અનુભવી રહ્યાં છે.

૧૫ મી ઓગસ્ટ સ્વાતંત્ર પર્વની આ વર્ષે પણ સમગ્ર દેશ ઉત્સાવેર અને ધામધૂમપૂર્વક ઉજવણી કરશે તેવું અત્યારથી જોવા મળી રહ્યું છે. ગત વર્ષે દેશના પ્રધાનમંત્રીએ આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે હર ઘર તિરંગા મુહિમ ચલાવી લોકોને ઘરે ઘરે તિરંગા લહેરાવા આહવાન કર્યું હતું. જેને લઈ સુરતમાં ૫૦ કરોડથી વધુ તિરંગા બન્યા હતા અને સમગ્ર દેશના ખૂણે ખૂણે પહોંચ્યા હતા. ત્યારે આ વર્ષે પણ સુરતના મોટા વેપારીને તિરંગાનો સૌથી મોટો ઓર્ડર મળ્યો છે. સુરતની પાંડેસરામાં આવેલી મિલના એક વેપારીને ૫૦ લાખ તિરંગા બનાવવાનો ઓર્ડર મળ્યો છે. એટલે આ વર્ષે પણ સુરતના તિરંગા દેશના ખૂણે ખૂણે જઈ લોકોના ઘરો પર લહેરાશે.

દેશના આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થતા ગત ૭૫ કા આઝાદી કા અમૃત મહોત્સવ તરીકે સમગ્ર દેશમાં સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત દેશના પ્રધાનમંત્રીએ આઝાદીકા અમૃત મહોત્સવ માં સ્વાતંત્ર પર્વની ઉજવણી નો ભાગ બનવા માટે હર ઘર તિરંગા અભિયાન શરૂ કર્યુ હતું. જેમાં લોકોને સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવા ઘરે ઘરે તિરંગા લહેરાવીને રાષ્ટ્રભક્તિ દર્શાવવા આહવાન કર્યું હતું. જેને લઈ સમગ્ર દેશ ૧૫ મી ઓગસ્ટ સ્વાતંત્ર પર્વને લઈ તિરંગા થી રાષ્ટ્રભક્તિમય બની ગયો હતો. ત્યારે આ વર્ષે પણ લોકોમાં તેટલા જ ઉત્સાહમાં રાષ્ટ્રભક્તિનો પ્રેમ જોવા મળશે તેવું લાગી રહ્યું છે. આ વર્ષે પણ લોકો ઘરે ઘરે તિરંગાઓ લહેરાવશે તેઓ સુરતના કાપડ વેપારીને તિરંગાના મળી રહેલા ઓર્ડર પરથી લાગી રહ્યું છે. અને આ વર્ષે પણ ગત વર્ષની જેમ જ સ્વાતંત્ર પર્વની લોકો ઉત્સાવે ઉજવણી કરશે.સ્વાતંત્ર પર્વના દિવસને લઈ સુરત એ ગયા વર્ષે ૧૦ કરોડ તિરંગા બનાવીને રેકોર્ડ સ્થાપ્યો હતો. ત્યારે આ વર્ષે પણ સ્વાતંત્ર પર્વ માટે સુરત નવું રેકોર્ડ બનાવવાની દિશા માં આગળ વધી રહ્યું છે. સમગ્ર દેશમાં એક સાથે ૫૦ લાખ તિરંગાનો ઓર્ડર સુરતના લક્ષ્મીપતિ મિલના વેપારીને મળ્યો છે. ખૂબ જ ટૂંકા ગાળામાં એક સાથે ૫૦ લાખ તિરંગા બનાવી આપવાનો આ ઓર્ડર અત્યાર સુધીમાં સૌથી મોટો માનવામાં આવી રહ્યો છે. જેની માટે વેપારીએ તમામ તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે.

# ઉપરવાસમાં ભારે વરસાદથી બનાસ નદી બે કાંઠે : ખેડૂત આલમમાં ખુશી

## ભાજપ આગેવાનોએ કર્યા નદીના વધામણા : શિહોરી - પાટણ રોડ ઉપર બનાસ બ્રિજના ઉપર આવેલ ડાયવર્ઝન વાળો રસ્તો ધોવાયો

અમદાવાદ, તા.૨૯

બનાસકાંઠાના મોટા ભાગના લોકો ખેતી અને પશુપાલન પર નિર્ભર છે. દિવસેને દિવસે અહીં પાણીના તળ નીચે જઈ રહ્યા હતા. ચાલુ વર્ષે બનાસકાંઠા જિલ્લામાં અને ઉપરવાસમાં બારે વરસાદ થયો છે. જેના કારણે બનાસકાંઠા જિલ્લાના જીવાદોરી સમાન ગણાતા દાંતીવાડા ડેમમાં સારી આવક થઈ છે અને ડેમમાંથી પાણી બનાસ નદીમાં છોડવામાં આવી રહ્યું છે. બનાસ નદીનું પાણી કાંકરેજ પંથકમાં પહોંચતા ભાજપ આગેવાનો દ્વારા વધામણા કરવામાં આવ્યા હતા. ભાજપ જિલ્લા પ્રમુખ કિર્તીસિંહ વાઘેલાએ ફુલ અર્પણ કરી બનાસ નદીના વધામણા કર્યા હતા. સતત ઘટતા ભૂગર્ભજળથી ચિંતિત ખેડૂતોમાં ખુશીની લહેર ફરી વળી છે. બનાસ નદી બે કાંઠે થતાં સ્થાનિકો અને ખેડૂત આલમમાં ખુશીનો માહોલ છે. બનાસ નદીનું પાણી કાંકરેજ પંથકમા પહોંચતાની સાથે ડાયવર્ઝન ધોવાઈ ગયું છે. શિહોરી -પાટણ રોડ ઉપર બનાસબ્રિજના ઉપર આવેલ ડાયવર્ઝન વાળો રસ્તો પાણીના પ્રવાહ સાથે ધોવાયો છે. બનાસબ્રિજ ઉપર બ્રિજનું કામ અધૂરું હોઈ નદીમાંથી ડાયવર્ઝન રસ્તો અપાયો હતો. ડાયવર્ઝન રસ્તા ઉપર નદીના પાણી ફરી વળતાં માર્ગ ધોવાયો હતો. જો કે માર્ગ ધોવાયો તે સમયે માર્ગ બંધ હોવાથી મોટી જાનહાની ટળી હતી. શિહોરી -પાટણ રોડની બંને બાજુ લોકોની અવરજવર બંધ કરી પોલીસ પોઈન્ટ ગોઠવાયા છે અને નદીના વહેણ નજીક રહેતા લોકોને એલર્ટ રહેવા તંત્રની સૂચના આપવામાં આવી છે. રાજ્યના કેટલાક જિલ્લામાં આજે હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. સૌરાષ્ટ્ર-કચ્છ, દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારમાં વરસાદની સંભાવના છે. અમદાવાદ-ગાંધીનગરમાં પણ હળવા વરસાદની શક્યતા છે. જો કે હવામાન વિભાગની આગાહી મુજબ આજથી વરસાદનું જોર ઘટશે. રાજ્યમાં અત્યાર સુધીમાં ચોમાસાની સિઝનનો ૭૫.૬૩ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. સૌથી વધુ કચ્છમાં ૧૩૪ ટકા, તો સૌરાષ્ટ્રમાં ૧૦૮ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. દક્ષિણ ગુજરાતમાં ૬૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૨ ટકા તો મધ્ય ગુજરાતમાં સિઝનનો ૫૬ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. રાજ્યના ૪૩ તાલુકામાં ૪૦ ઈંચથી વધુ વરસાદ વરસી ચૂક્યો છે. ૯૪ તાલુકામાં ૨૦થી ૪૦ ઈંચ, તો ૧૦૪ તાલુકામાં ૧૦થી ૨૦ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્રના છ જિલ્લામાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ વરસી ચૂક્યો છે.રાજ્યના ૨૦૬ જળાશયો પૈકી ૧૨૨ જળાશયો હાઈએલર્ટ પર છે છે તો ૮૬ જળાશયો હાઈએલર્ટ પર છે.

### અંધારપટ્ટથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓફલાઈન અને ઓનલાઈન તંત્ર કાર્યરત હોવાની વાતો પણ કરવામાં આવે છે. જયારે વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં અમુક પોલ્સ તો એવા છે કે છેલ્લા બે મહીનાથી બંધ છે. જેને અનુલક્ષીને પણ અગાઉ સ્થાનિકો દ્વારા રજુઆતો કરવામાં આવી છે. આમછતા ફરિયાદોનુ નિરાકરણ આવ્યુ નથી હાલ વરસાદી સિઝનમાં સ્ટ્રીટ લાઈટો વધુ ડુલ જોવા મળે છે. ત્યારે સેકટરોની સોસાયટીઓ તેમજ આંતરિક વિસ્તારમાં અને રીંગ રોડ પર માર્ગોની ઉબડ ખાબડની સ્થિતિ વચ્ચે અંધારપટ્ટ પણ છવાયેલો રહેતો હોવાના લીધે માર્ગ સલામતી સામે પણ જોખમ મંડરાયેલુ છે. તો બીજીતરફ રાત્રિના સમયે વોકિંગ કરવા કે લટાર મારવા નિકળતા પરિવારજનો માટે પણ અંધારાની સ્થિતિમાં ભય ઉદભવે છે. સ્થાનિકો દ્વારા સ્ટ્રીટ લાઈટની ફરિયાદો ત્વરિત અસરથી દુર કરવા માટે પ્રબળ રજુઆત કરવામાં આવી છે.

### પાણી ભરાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. સેકટરોના આંતરિક માર્ગો તેમજ રીંગ રોડ પર વરસાદી પાણીનો ભરાવો થયો હતો. જો કે થોડીવારમાં જ વરસાદ અટકી ગયો હતો. શહેરમાં દિવસ દરમિયાન વરસાદી વાદળોની અવરજવર રહી હતી સાંજના સમયે પણ આકાશી નઝારો બદલાયેલો જોવા મળ્યો હતો. શહેરમાં દિવસ દરમિયાન ૮ મી મી વરસાદ વરસ્યો હતો. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૫૧૮ મી મી વરસાદ નોંધાયો છે. શહેરમાં સિઝનના સરેરાશ વરસાદની સાપેક્ષમાં અત્યાર સુધી ૬૪ ટકા જેટલો વરસાદ થઈ ગયો છે. વરસાદી વાયરા વચ્ચે આજે મહત્તમ તાપમાન પણ નીચે સરકી ગયુ હતુ. ગરમીનો પારો ૨.૫ ડીગ્રી ઘટયો હતો. જયારે લઘુત્તમ તાપમાન પણ ૧ ડીગ્રી ગગડયુ હતુ. જયારે વાદળિયા વાતાવરણ વચ્ચે ભેજનુ પ્રમાણ પણ ૯૦ થી ૯૨ ટકા સુધી પહોંચી ગયુ હતુ. સાંજના સમયે પણ વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળ્યા હતા.

### કકળાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરોમાં બોર બંધ થવાના લીધે પણ સપ્લાયમાં કમી આવતી હોય છે. હાલ વરસાદી સિઝન ચાલી રહી છે. ત્યારે સેકટરોમાં નિખરતી વરસાદી મોસમ વચ્ચે શહેરના સેકટરોની શેરીઓમાં પાણીનો ભરાવો થયો છે. પરંતુ રહીશોના ઘરમાં પાણી ન આવતા ટાંકીઓ પણ ખાલી રહેતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. શહેરના સેકટરોમાં આજે પણ પાણીની પોકાર ઉઠવા પામી હતી. નવા સેકટરમાં સ્થિત સે- ૫ ની પાણીની ટાંકીને અનુલક્ષી ઈલેકટ્રીક મશીનરીમાં ટ્રીપીંગ થતા પાવર સપ્લાય ડુલ થઈ ગયો હતો જયારે આ સ્થિતિ વચ્ચે અચાનક જ બ્રેકરમાં ખામી સર્જાતા પાવર સપ્લાય ચાલુ થયો ન હતો જેના લીધે સે- ૫ ની ટાંકી આધારિત થતો સપ્લાય આજે બંધ થઈ ગયો હતો. આ સ્થિતિ વચ્ચે નવા સેકટરોમાં પાણીનો સપ્લાય આવ્યો ન હતો.

સેકટરોના રહેણાંક વિસ્તારમાં પાણીની ટાંકી પણ ન ભરાતા સ્થાનિકોમાં પ્રબળ રોષ પ્રવર્તયો હતો. જયારે બપોર સુધી ગૃહીણીઓમાં પણ સતત પાણીની પોકાર કકળાટનુ કારણ બની હતી જયારે આજે રજાનો દિવસ હોવાથી રહીશોના ઘરોમાં આડા દિવસોની સાપેક્ષમાં આમ પણ પાણીનો વપરાશ વધુ થતો હોય ત્યારે સપ્લાય ઠપ્પ થઈ જતા સેકટરવાસીઓએ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. સુત્રોના જણાંવ્યા મુજબ શનિવારે સાંજ સુધીમાં ખામીનુ નિવારણ આવી જતા રવિવારે સવારથી રાબેતા મુજબ સપ્લાય શરૂ કરી દેવાશે. શહેરના નવા સેકટરોમાં એક યા બીજા કારણોસર અવારનવાર પાણીની સમસ્યા ઉદભવતા સ્થાનિકો તોબા પોકારી ગયા છે. જયારે છેલ્લા કેટલાક સમયથી ઈલેક્ટ્રીક ઉપકરણોમાં પણ વારંવાર ખામી સર્જાતા પાણી પુરવઠો બંધ થઈ જાય છે. જેના લીધે તંત્ર પાસે પર્યાપ્ત પાણી હોવાછતા સેકટરોમાં સપ્લાય આપી શકાતો નથી.

### ભૂકંપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અરુણાચલ પ્રદેશના પેંગિનની ઉત્તરે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૪.૦ માપવામાં આવી હતી. ભૂકંપના કારણે જાનમાલના નુકસાનની કોઈ માહિતી નથી.

### શેર કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિચારધારા ધરાવતા વિપક્ષી પક્ષો ભાજપ સામે ટક્કર આપવા એકસાથે આવી રહ્યા છે ત્યારે વડાપ્રધાન સાથે સ્ટેજ શેર કરવાથી પવારનો બેકફાયર થશે. સૂત્રએ એમ પણ કહ્યું કે મોદી સાથે મંચ શેર કરીને, પવાર ઈન્ડિયા બ્લોકની ઈમેજને નુકસાન પહોંચાડશે, જેણે તેને બનાવવા માટે ઘણા પ્રયત્નો કર્યા છે, અને લોકોમાં ખોટો સંદેશ પણ જશે. તેમનું કહેવું છે કે પીએમ મોદીએ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સરખામણી આતંકવાદી સંગઠન ઈન્ડિયન મુજાહિદીન સાથે કરી છે. આ કાર્યક્રમમાં પવાર મોદીને એવોર્ડ આપી શકે છે.

### સમાન મહત્વ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે રાષ્ટ્રીય શિક્ષણ નીતિની ત્રીજી વર્ષગાંઠની ઉજવણી થઈ રહી છે એ બાબતની નોંધ લઈને પ્રધાનમંત્રીએ બૌદ્ધિકો, શિક્ષણશાસ્ત્રીઓ અને શિક્ષકોનો આભાર માન્યો હતો કે, તેમણે આ નીતિને એક અભિયાન તરીકે અપનાવી છે અને અપાર પ્રગતિમાં યોગદાન આપ્યું છે. આ પ્રસંગે પ્રદર્શિત પ્રદર્શન વિશે બોલતા પ્રધાનમંત્રીએ કૌશલ્ય અને શિક્ષણ તથા નવીન ટેકનિકોનાં પ્રદર્શન પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે દેશમાં શિક્ષણ અને શાળાકીય શિક્ષણના પરિવર્તનશીલ ચહેરાને સ્પર્શ્યો હતો, જ્યાં નાનાં બાળકો રમતિયાળ અનુભવો દ્વારા શીખી રહ્યાં છે અને તેના માટે આશાવાદ વ્યક્ત કર્યો હતો. તેમણે મહેમાનોને પ્રદર્શનને નિહાળવા માટે વિનંતી પણ કરી.